ક્ર. એઆરબી/૧૦૨૦૧૦/૭૬૩/(૧)/એમઆઈસેલ(ક-૧)
નર્મદા, જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૪/૦૪/૨૦૧૪

24 APR 2014

પ્રતિ,

સર્વે અધીક્ષક ઇજનેરશ્રી

વિષય – ગુજરાત આર્બીટ્રેશન ટ્રીબ્યુનલ સમક્ષના પડતર દાવાઓ પરત્વે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ. દાખલ કરવા માટ નોડલ અધિકારીની નિમણુક કરવા બાબત.

સંદર્ભ – આ વિભાગનો પરિપત્ર ક્ર. એઆરબી/૧૦૨૦૧૦/૭૬૩/(૧)/ક-૧/એમ.આઈ.સેલ તા. ૨૭/૬/૨૦૧૨

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના કામોની બાબતમાં ગુજરાત આર્બીટ્રેશન ટ્રીબ્યુનલ સમક્ષ રજૂ થયેલ દાવાઓ ટ્રીબ્યુનલમાંથી નામદાર સુપ્રીમ કોર્ટના (મધ્ય પ્રદેશ ઈલેક્ટ્રીસીટી બોર્ડ વિરૂધ્ધ વી.એ.ટેક.)ના ચુકાદાના આધારે પરત થતા સંદર્ભ હેઠળના આ વિભાગના તા. ૨૭/૬/૨૦૧૨ના પરિપત્રથી આવી બાબતોમાં બંધારણની આર્ટીકલ ૨૨૭ અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ. દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવા અને તે માટે એડવોકેટ જનરલશ્રીની સેવાઓ લેવાની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

૨/- આમ છતાં તાજેતરમાં ધ્યાન ઉપર આવેલ છે કે; કેટલાક કિસ્સાઓમાં સદર્ભ હેઠળના પરિપત્ર મુજબની કાર્યવાહી સમયસર નહીં થવાના કારણે એટલે કે; નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ. દાખલ નહીં થવાના કારણે આરબીટ્રેટરની નિમણુક કરવાની બાબત નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ઉપસ્થિત થયેલ છે. આ પ્રકારની પરિસ્થિતી અને સંજોગોમાં સરકારશ્રીના પક્ષે બચાવની પુરતી તકો પણ રહેતી નથી તેમ જ વહીવટી વિલંબ અંગે નામદાર હાઈકોર્ટ દ્વારા પણ નારાજગી વ્યક્ત કરવામાં આવે છે.

૩/- આથી ફકરા ક્ર. (૨)માં જણાવ્યા મુજબની પરિસ્થિતીના નિવારણ સારૂ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના કામોની બાબતમાં ગુજરાત આર્બીટ્રેશન ટ્રીબ્યુનલ સમક્ષના તમામ પડતર દાવાઓની વિગતો સંકલીત કરીને તે પરત્વે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ. દાખલ કરવા માટે એડવોકેટ જનરલશ્રીનો પરામર્શ કરવા સારૂ અધીક્ષક ઈજનેરશ્રી, અમદાવાદ સિંચાઈ વર્તુળ, અમદાવાદને નર્મદા, જળ સંપત્તિ વિભાગના નોડલ અધિકારી તરીકે નિમણુક કરવામાં આવે છે.

૪/- નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓએ તેઓના વર્તુળ હેઠળના ફકરા ક્ર. (૧)માં જણાવેલ વિગતો અનુસારના જે દાવાઓ ટ્રીબ્યુનલમાંથી પરત થયેલ હોય તે તમામ ગુજરાત આર્બીટ્રેશન ટ્રીબ્યુનલ હેઠળના પડતર દાવાઓની વિગતો અધીક્ષક ઈજનેરશ્રી, અમદાવાદ સિંચાઈ વર્તુળ, અમદાવાદને રજૂ કરવાની રહેશે. અધીક્ષક ઈજનેરશ્રી, અમદાવાદ સિંચાઈ વર્તુળ, અમદાવાદે તેઓ સમક્ષ વર્તુળ કચેરીઓ તરફથી રજૂ થનાર ગુજરાત આર્બીટ્રેશન ટ્રીબ્યુનલ સમક્ષના પડતર દાવાઓની વિગતો સંકલીત કરીને તે પરત્વે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ. દાખલ કરવા માટે એડવોકેટ જનરલશ્રીનો પરામર્શ કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(એમ.પી.રાવલ)
ખાસ ફરજ ઉપરના અધિકારી(સિ.યો.)
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

<u>પ્રતિ-</u>

1. સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રીઓ, નર્મદા, જ.સં. પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. સર્વે નાયબ સચિવશ્રીઓ, નર્મદા, જ.સં. પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. સર્વે ઉપ સચિવશ્રીઓ, નર્મદા, જ.સં. પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. સર્વે સેક્શન અધિકારીશ્રીઓ.

રવાના કર્યું
તા. 24 APR 2014
સહી